# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-11-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

**************************************************

1) વિપક્ષના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી આવતીકાલ સવાર સુધી સ્થગિત
2) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, 'આયુષ્માન ભારત PMJAY યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના તરીકે ઉભરી આવી છે.'
3) વિશ્વ હિંદુ પરિષદે બાંગ્લાદેશમાં હિંદુઓ પર સતત અત્યાચારના વિરોધમાં આજે દિલ્હીમાં જંતર-મંતર પર અને મુંબઈમાં વિરોધ પ્રદર્શન
4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને પોતાના પુત્ર હન્ટર બાઈડેનને સત્તાવાર રીતે માફ કર્યા
5) પેલેસ્ટાઇનના શરણાર્થીઓ માટે કાર્યરત સંયુક્ત રાષ્ટ્રની બચાવ અને કાર્ય સંસ્થાએ ગાઝામાં તેની સહાય કામગીરી સ્થગિત કરી.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PARLIAMENT ADJOURNED

ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસા, એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપો સહિતના વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના સતત હંગામાને પગલે સંસદના બંને ગૃહોમાં આજે કોઇ કામગીરી થઇ શકી ન હતી. શોરબકોર અને

સૂત્રોચ્ચારના પગલે લોકસભા અને રાજ્યસભા દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

લોકસભા અને રાજ્યસભામાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે અને અન્ય પક્ષોના સાંસદો વારંવાર સૂત્રોચ્ચાર કરીને વેલમાં ધસી ગયા હતા. બંને ગૃહોમાં કાર્યવાહી ન થઇ શકતાં બંને ગૃહોની કામગીરી આવતીકાલ સવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી.

## REV MANDAVIYA BRIEFING

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર દેશના આરોગ્ય ક્ષેત્રને રાહતદરનું અને સુલભ બનાવી રહી છે. નવી દિલ્હીમાં આજે સવારે માધ્યમોને સંબોધતાં ડૉ.માંડવિયાએ કહ્યું કે, વર્ષ 2014માં 387 આરોગ્ય મહા-વિદ્યાલય હતી. આજે એક દાયકા બાદ તેની સંખ્યા 780 થઈ છે.

તેમણે ઉમેર્યું કે, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના તરીકે ઉભરી આવી છે. આ યોજના હેઠળ 12 કરોડ પરિવારને પાંચ લાખ રૂપિયા સુધીની સહાય મેળવી રહ્યા છે. ઉપરાંત 70 વર્ષ અને તેથી વધુ વયના લોકોને પણ આ યોજના હેઠળ સમાવવામાં આવ્યા છે.

(બાઈટ- ડૉ. મનસુખમાંડવિયા, કેન્દ્રીય મંત્રી)

## VHPVIRODH PRADARSHAN

વિશ્વ હિંદુ પરિષદે બાંગ્લાદેશમાં હિંદુઓ પર સતત અત્યાચારના વિરોધમાં આજે દિલ્હીમાં જંતર-મંતર પર અને મુંબઈમાં વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં સંતો અને મહંતો તેમજ વીએચપીના નેતાઓ ઉપસ્થિત રહ્યાં છે. મોટી સંખ્યામાં લોકો વિરોધ પ્રદર્શન સ્થળે પહોંચી તેવી વીએચપી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## RIYADH- UNCCD COP16

સાઉદી અરેબિયાના રિયાધમાં આજથી શરૂ થતી COP16 પરિષદપૂર્વે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દર યાદવે રિયાધમાં ભારતીય દૂતાવાસમાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત એક છોડ વાવ્યો હતો. દૂતાવાસની તેમની મુલાકાત દરમિયાન શ્રી યાદવે ભારતીય વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી હતી અને વૃક્ષારોપણ અભિયાન અને પર્યાવરણ માટે જીવનશૈલીમાં તેમની સહભાગિતાને પ્રોત્સાહિત કર્યા હતા.

પશ્ચિમ એશિયામાં COP16 ના 30 વર્ષની ઉજવણી સાથે આ પરિષદ શરૂ થશે જેમાં 197 દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. મંત્રી શ્રી યાદવ અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીની સંયુક્ત આગેવાની હેઠળ ભારતીય પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

# NAVAL CHIEF-NAVYDAY

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ કહ્યું છે કે આગામી દસ વર્ષમાં 96 જહાજો અને સબમરીન ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, 62 જહાજો અને એક સબમરીન નિર્માણાધીન છે અને આવતા વર્ષ સુધી દર મહિને એક જહાજને તેમાં સામેલ કરવામાં આવશે.

વાર્ષિક નેવી ડે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતાં એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ઓડિશાના પુરીમાં 4 તારીખે નેવી ડેની ઉજવણી કરવામાં આવશે. પાકિસ્તાન નૌકાદળની વધતી જતી દરિયાઈ ક્ષમતાઓ અંગે તેમણે કહ્યું કે પાકિસ્તાન નૌકાદળના ઘણા યુદ્ધ જહાજો અને સબમરીન ચીનના સમર્થ નથી બનાવવામાં આવી રહ્યા છે જે દર્શાવે છે કે ચીન પાકિસ્તાની નૌકાદળને વધુ મજબૂત બનાવવામાં રસ ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત પડોશીઓ દ્વારા ઊભા કરાયેલા તમામ જોખમોનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

## US HUNTER BIDEN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને પોતાના પુત્ર હન્ટર બાઈડેનને સત્તાવાર રીતે માફ કર્યા છે. હન્ટર બાઈડનને કરચોરી, ગેરકાયદે હથિયાર રાખવા અને બંદૂક સંબંધિત કેસમાં ખોટી રજૂઆતોના આરોપમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને એક સત્તાવાર નિવેદનમાં પોતાના નિર્ણયનો બચાવ કરતાં હન્ટર બાઈડન પર લગાવાયેલા આરોપોને રાજનીતિથી પ્રેરિત ગણાવ્યા. તેમજ એક પિતા અને રાષ્ટ્રપ્રમુખ તરીકે પોતાની ભૂમિકા પર ભાર મુક્યો હતો.

રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનનો આ નિર્ણય હન્ટર બાઈડનને દોષી ઠેરવતા સજા સંભળાવ્યાના એક સપ્તાહ પેહલા આવ્યો છે. રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી જીત્યા બાદ ડૉનાલ્ડ ટ્રમ્પને વ્હાઈટહાઉસમાં આવવાને 2 મહિનાથી પણ ઓછો સમય બાકી છે. એવા સમયે શ્રી બાઈડને આ નિર્ણય લીધો છે. આ તરફ શ્રી ટ્રમ્પે હન્ટર બાઈડનને ક્ષમાદાન આપવાની ટીકા કરી છે. તેમણે આ નિર્ણયને ન્યાયની હત્યા ગણાવતા સવાલ પણ કર્યો હતો.

## UN - GAZA AID

પેલેસ્ટાઇનના શરણાર્થીઓ માટે કામ કરતી સંયુક્ત રાષ્ટ્રની બચાવ અને કાર્ય  સંસ્થાએ ગાઝામાં તેની સહાય કામગીરી સ્થગિત કરી દીધી છે. આ પ્રદેશમાં માનવતાવાદી સહાયની સશસ્ત્ર લૂંટને પગલે આ સહાય બંધ કરવામાં આવી છે. ગત

16 નવેમ્બરે સશસ્ત્ર ટોળકીએ સહાય ટ્રકોના કાફલાને લૂંટી લીધા બાદ આ નિર્ણય લેવાયો છે. 29 નવેમ્બરે પણ અનાજ લઈ જતી ટ્રકો લૂંટી લેવાઇ હતી.

સંયુક્ત રાષ્ટ્રના એક અંદાજ મુજબ ગાઝામાં આવતી એક તૃતીયાંશથી વધુ સહાયની ચોરી કરવામાં આવી રહી છે, જેમાં મોટાભાગની સંગઠિત લૂંટ ઇઝરાયેલી સૈન્ય ડ્રોન દેખરેખ હેઠળના વિસ્તારોમાં થાય છે.

# NEPAL PM

નેપાળના પ્રધાનમંત્રી કે.પી. શર્મા ઓલી આજે સવારે ચીનની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે બેઇજિંગ જવા રવાના થયા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, શ્રી ઓલી બેઇજિંગમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે મુલાકાત કરશે. પ્રધાનમત્રી ઓલી ચીનના તેમના સમકક્ષ લી કિઆંગ સાથે વાતચીત કરશે અને દ્વીપક્ષિય મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે.

ચીનની નેશનલ પીપલ્સ કોંગ્રેસની સ્થાયી સમિતિના અધ્યક્ષ ઝાઓ લેજી પણ શ્રી ઓલી સાથે મુલાકાત કરશે. દરમિયાન પ્રધાનમંત્રી ઓલી પેકિંગ યુનિવર્સિટીમાં એક કાર્યક્રમને સંબોધિત કરશે. તેઓ બેઇજિંગમાં નેપાળના રાજદૂત ભવન, ચાઇના કાઉન્સિલ ફોર ધ પ્રમોશન ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ એન્ડ ફેડરેશન ઓફ નેપાળ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સંયુક્ત રીતે આયોજિત નેપાળ-ચીન બિઝનેસ ફોરમને પણ સંબોધશે.

# PLASTIC POLLUTION TREATY

પ્લાસ્ટિક પ્રદૂષણને પહોંચી વળવાની સંધિને અંતિમ સ્વરૂપ આપવા દક્ષિણ કોરિયાના બુસાનમાં યોજાયેલા વૈશ્વિક સંમેલન ગઈકાલે અનિર્ણિત પૂર્ણ થઈ છે. આ આંતર-સરકારી સંવાદ સમિતિની પાંચમી બેઠક હતી, જે વર્ષ 2022ના પ્લાસ્ટિક પ્રદૂષણ પર કાયદાકીય રીતે પ્રતિબંધ લગાવવાની સમજૂતી નક્કી કરવા અંગે કામ કરી રહી છે.

અઠવાડિયા સુધી ચાલેલા સંવાદમાં 200 જેટલા દેશ જોડાયા હતા. દરમિયાન પ્લાસ્ટિક ઉત્પાદન અને હાનિકારક રસાયણો પર નિયંત્રણની માગ કરનારા દેશો અને માત્ર પ્લાસ્ટિક કચરાના સંચાલન પર ધ્યાન કેન્દ્રિત કરનારા દેશો વચ્ચે મતભેદ જોવા મળ્યા. ચર્ચા બાદ ગઈકાલે જાહેર કરાયેલા સંધિ મુસદ્દામાં મોટાભાગની ચિંતા વણઉકેલાયેલી રહી ગઈ. હવે આગળના સંવાદ માટે તમામ દેશ આવતા વર્ષે મળશે.

## SRILANKA ELECTION

શ્રીલંકાના ચૂંટણી પંચે સ્થાનિક ચૂંટણીઓ પાછી ઠેલવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકામાં એડવાન્સ્ડ લેવલની પરીક્ષાઓ પછી આ ચૂંટણીઓ યોજાશે. ચક્રવાત ફેંજલને કારણે શ્રીલંકામાં પ્રતિકૂળ હવામાનને કારણે પરીક્ષાઓ ડિસેમ્બરની શરૂઆતમાં લેવાનો નિર્ણય કરાયો હતો. ચૂંટણી પંચ આ સપ્તાહના અંતમાં ચૂંટણીની તારીખો જાહેર કરે તેવી અપેક્ષા છે.

આર્થિક સંકટને કારણે માર્ચ 2022થી ચાર વર્ષની મુદત માટે 340 સ્થાનિક પરિષદમાં કાઉન્સિલરોને ચૂંટવા માટેની ચૂંટણીઓ મોકૂફ રાખવામાં આવી છે. આ વર્ષે ઓગસ્ટમાં, શ્રીલંકાની સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને સ્થગિત સ્થાનિક સરકારની ચૂંટણીઓ તાત્કાલિક યોજવા આદેશ આપ્યો હતો.

## UTTAR PRADESH MAHA KUMBH

ઉત્તર પ્રદેશ સરકારે પ્રયાગરાજમાં મહાકુંભ વિસ્તારને નવા જિલ્લા તરીકે જાહેર કર્યો છે. નવનિર્મિત જિલ્લો મહાકુંભ મેળા તરીકે ઓળખાશે. આગામી કુંભ મેળાના સંચાલન અને વહીવટને સુવ્યવસ્થિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય પાછળનો ઉદ્દેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માઘ મેળા 2024 દરમિયાન વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે

Upload Midday National News AT 1.20 TO 1.30 PM 2-12-2024-7

મહાકુંભ, દર 12 વર્ષે એકવાર યોજાય છે, તે પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીએ શરૂ થશે અને 26 ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થશે. ભારતીય સંસ્કૃતિના સંવર્ધનમાં મહાકુંભ એક સીમાચિહ્નરૂપ સાબિત થવાની ધારણા છે.